# પીવાના પાણીના બોરમાં ઝેરી દવા નાખી ગ્રામજનોના સામુહિક હત્યાના પ્રયાસથી ખળભળાટ....

### મેઘરજના છીંકારી ગામની ઘટના

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લામાં અસામાજીક તત્ત્વોનો રંજાડ વધી રહ્યો છે મેઘરજ તાલુકાના છીંકારી ગામે પાણીના બોરમાં કોઈ અજાણ્યા શખ્સોએ ઝેરી દવા ભેળવી દેતા ભારે ચકચાર મચી છે છીંકારી ગામના ગ્રામજનોને પુરા પાડતા પાણીના બોરમાં ઝેરી દવા નાખી સામુહિક હત્યા કરવાના હીન કૃત્યથી પ્રજાજનો ફફડી ઉઠ્યા છે પીવાના પાણીમાં દુર્ગંધ આવતા લોકો બોર નજીક તપાસ કરતા બોર નજીક પાણીની બોટલ અને ઝેરી પદાર્થ માટે વાપરેલ પડીકા પણ જોવા મળતા ગ્રામજનો ચોંકી ઉઠ્યા હતા તાબડતોડ આરોગ્ય તંત્રને જાણ કરતા અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી પાણીના સેમ્પલ લઈને ટેસ્ટીંગ માટે મોકલી આપવામાં આવ્યા હતા. મેઘરજ તાલુકાના છીંકારી ગામે ગ્રામજનોને પુરા પાડતા પાણીના જથ્થાના બોરમાં કોઈ અસામાજીક તત્વોએ શુક્રવારે રાત્રે ઝેરી દવા ભેળવી દીધી હતી શનિવારે રાબેતા મુજબ બોર માંથી પાણી આવતા ગ્રામજનોએ પાણી ભરતા પાણીમાંથી ભયંકર દુર્ગંધ આવતા લોકો ચોકી ઉઠ્યા હતા અને આ અંગે પાણીના બોરમાં તપાસ કરવા પહોંચતા લોકો બોર નજીક પાણીની બોટલમાંથી ઝેરી પ્રવાહીની દુર્ગંધ આવવાની સાથે નજીકમાં કાગળના પડીકા જોતા આંખો પહોળી થઈ ગઈ હતી છીંકારી ગામના ગ્રામજનોની સામુહિક હત્યા કરવાનો કોઈ અજાણ્યા અસામાજીક તત્વોએ કારસો રચ્યો હોવાનું જણાઈ આવતા લોકોમાં ભારે આક્રોશ છવાયો હતો બોરના પાણીમાં ઝેરી દવા નાખી હોવાનું જણાઈ આવતા ગ્રામજનોએ આરોગ્ય વિભાગનો સંપર્ક કરતા આરોગ્ય તંત્રએ બોર માંથી પાણીના સેમ્પલ મેળવી ટેસ્ટીંગ માટે મોકલી આપવામાં આવી છે સામુહિક આત્મહત્યાના પ્રયાસના પગલે સ્થાનિક પોલીસ પણ દોડતી થઈ છે . છીંકારી ગામના ગ્રામજનોની સામુહિક હત્યાના હિચકારા પ્રયાસ પછી ગ્રામજનોમાં માં તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે બોરમાં ઝેરી દવા ભેળવનાર અસામાજીક તત્ત્વો સામે પોલીસ શખ્ત કાર્યવાહી કરે તેવી લોકમાંગ પ્રબળ બની છે હાલ તો આવું હીન કૃત્ય કરનાર કોણ...? અને આવું કૃત્ય કરવાનું કારણ જાણવા લોકો તર્ક વિતર્ક લગાવી રહ્યા છે.

# પ્રાંતિજ પાસે શ્રી મહુડી વાળી મહાકાળી માતાજી મંદિર ખાતેના ભૌતિક સુવિધાઓનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

### મંત્રી, પૂર્વ મંત્રી, પૂર્વ ધારાસભ્ય, તાલુકા પ્રમુખ ઉપસ્થિત રહ્યા





પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ થી ઉંછા-બાલીસણા જવાના રોડ ઉપર આવેલ મહુડીવાળા મહાકાળી માતાજી ખાતે ભૌતિક સુવિધાઓનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

વર્ષો પહેલા ઉંછા-બાલીસણા , મામરોલી રોડ ઉપર નાનકડી ડેરી સમાન મંદિરનું નિર્માણ થયુ હતુ અને દિવસે-દિવસે આ સ્થળનો વિકાસ થયો અને આજુબાજુના ગામોના ધર્મપ્રેમી આગેવાનોએ એક સુંદર મંદિરના સ્થાપના કરી અને મારમરોલી, ઉંછા, બાકરપુર, નવા બાકલપુર તેમજ અન્ય ગામોના આગેવાનો એ આ રમણીય સ્થળનો વિકાસ કરવાનો નિર્ણય કર્યો અને આ સ્થળ ઉપર સુંદર પીકનીક સ્થળ તરીકે વિકાસ કરવામા આવ્યો છે તો આ મંદિર મા બિરાજમાન શ્રી મહાકાળી માતાના અનેક ચમત્કારી કિસ્સાઓ અને અનેક લોકોને પરચા મળ્યા છે તો મંત્રી ગજેન્દ્રસિંહ પરમારના ફંડ માંથી પ્રોટકશન વોલ માટે ૪ લાખ, બ્લોક માટે ૨ લાખ તેમજ અન્ડર ગ્રાઉન્ડ ગટર માટે દોડ લાખ , મજુર થયા હતા અને તે સિવાય લોક ફાળાની રકમ મળીને ૫૦ લાખ નો ખર્ચ આ સંસ્થા દ્વારા કરતા અહી પીકનીક સ્થળ તરીકે વિકાસ કરવામા આવ્યો છે અને આ ભૌતિક સુવિધાઓનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો જેમા મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ મંત્રી, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, બીપીનભાઈ પટેલ, તાલુકા પ્રમુખ સહિત આજુબાજુના ગામજનો સહિત ગામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તો મંદિર વ્યવસ્થાપક કમિટી દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# જન્મદિને વધામણી



તક્સ દાસ ભાઈ પંડ્યા
બાયડ ગામ



મર્હુમ સબીર ભાઈ એમ. ફુગસિયા
કાનોદર તા.પાલનપુર



વ્રજેશ પટેલ
કપડવંજ



સુરેશભાઈ પટેલ
ઓમકાર કોરી વર્કસ
વાત્રક તા. બાયડ



શશીકાંત ભાઈ શાહ
ધનસુરા



નરેન્દ્ર આર. પટેલ
આકુંદ તા.ધનસુરા



પદ્મ તપનકુમાર પટેલ
બાયડ જિ.અરવલ્લી



આશાબેન વિનોદકુમાર પંચાલ
બાયડ જી.અરવલ્લી

# ચંડીસરની પેઢીનું સેમ્પલ ફેઈલ થતા વેપારીને ૫૦ હજારનો દંડ કરાયો

### બે ખાનગી ડેરી અને એક મંડળીના સેમ્પલ ફેઇલ જતા કાર્યવાહી કરાઈ: બનાસ ડેરી કર્મચારી મંડળીનું હિંગનું સેમ્પલ પણ ફેઇલ થયું

પાલનપુર તા. ૨૧

બનાસકાંઠા જિલ્લા ફુડ વિભાગ દ્વારા પાલનપુર તાલુકાના ચંડીસર ગામે આવેલી એક પેઢીનું સેમ્પલ ફેઈલ થતા આ પેઢીના વેપારીને ૫૦ હજારનો દંડ કરવામાં આવ્યો છે તેમજ બે ખાનગી ડેરી અને એક કર્મચારી મંડળી માંથી લેવાયેલ ખાદ્ય પદાર્થ ના સેમ્પલ પરિક્ષણમાં ફેઈલ થતા આ પેઢીઓના માલીકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

#### બનાસડેરી કર્મચારી મંડળીના હિંગનું સેમ્પલ પણ પરીક્ષણમાં ફેઇલ થયું

બનાસડેરીના કર્મચારી ઓની મંડળી દ્વારા વિવિધ ચીજ વસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે જેમાં આ મંડળી દ્વારા ભગવતી ગૃહ ઉદ્યોગ ઊંઝાની ભગવતી બ્રાન્ડના હિંગનું વેચાણ કરવામાં આવતું હતું જે હિંગનું સેમ્પલ ફુડ વિભાગ દ્વારા અગાઉ લેવામાં આવ્યું હતું જે સેમ્પલ તંત્રના પરિક્ષણમાં ફેઈલ થયું છે

બનાસકાંઠા જિલ્લામાં લોકોના આરોગ્ય સુખાકારી જળવાય રહે તે માટે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને મિલાવટ રોકવા માટે ફુડ વિભાગ ની ટીમો દ્વારા અવાર નવાર વિવધ ગામ શહેર ની દુકાન તેમજ પેઢી ઓમાંથી વિવિધ ચીજ વસ્તુઓ ના સેમ્પલ લેવામાં આવે છે જેમાં ફુડ વિભાગ દ્વારા અગાઉ પાલનપુર તાલુકાના ચંડીસર ગામે આવેલી ધાન્વી એન્ટરપ્રાઈઝ નામની પેઢી માંથી લુઝ વેજ ફેટનું સેમ્પલ લેવામાં આવ્યું હતું જે સેમ્પલ પરીક્ષણ માં ફેઈલ થતા નાયબ નિવાસી કલેકટર દ્વારા આ પેઢીના માલિક ને રૂ.૫૦ હજાર નો દંડ કરાયો છે જયારે ફુડ વિભાગ દ્વારા બનાસડેરી કર્મચારી મંડળી પાલનપુર ખાતે થી લીધેલ ભગવતી બ્રાન્ડના હિંગનું સેમ્પલ અને ડીસા ની ગજાનંદ ડેરીમાં લેવાયેલ પનીર અને ધાનેરા ની પટેલ ડેરી માંથી લેવાયેલ દહીં નું સેમ્પલ ફેઈલ થયા આ વેપારીઓ સામે દંડનીય કાર્યવાહીની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# અરવલ્લી જીલ્લા માહિતી વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીની મનમાની

### ઇન્ફોરમેશન ગ્રુપમાંથી વરીષ્ઠ પત્રકારને રીમુવ કરી દીધા

મોડાસા,તા. ૨૧

કહેવાય છે કે ચા કરતા કીટલી વધારે ગરમ હોય છે અને આ કહેવત અરવલ્લી જિલ્લામાં હંગામી ધોરણે કેમરામેન તરીકે ફરજ બજાવતા કર્મચારીએ સાર્થક કરી છે. જિલ્લાની માહિતી કચેરી અસ્તિત્વ આવી ત્યારથી હંગામી ધોરણે નિમણુંક પામેલ એક કર્મચારી જાણે પોતે માહિતી અધિકારી હોય તેમ સમજી રહ્યો છે આ હંગામી કર્મીની દાદાગીરી વધી હોય તેમ હવે બેફામ વર્તન લાગ્યો છે તેવુ પત્રકાર આલમમાં ચર્ચાઈ રહ્યુ છે.અવારનવાર પત્રકારો સાથે બીનજરૂરી બહસ કરતો આ કર્મચારી હવે જાણે પોતે માહિતી અધિકારી હોય તેવો રોફ જમાવી રહ્યો છે.અરવલ્લી જિલ્લામાં છેલ્લા ઘણા સમય થી મહેકમ ના અભાવે પત્રકારોને અગવડો ઉભી થવાની સમસ્યાઓ આવતી રહે છે. ત્યારે ગતરોજ જીલ્લાના ઈન્ફોર્મેશન ગ્રુપમાંથી છેલ્લા ૧૫ વર્ષથી પત્રકારત્વ ક્ષેત્રે સંકળાયેલ વરીષ્ઠ પત્રકારને અગમ્ય કારણોસર રીમુવ કરી દેતા પત્રકાર આલમમાં ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે

# પ્રાંતિજના ઈમાનદાર ગૃહસ્થે ૫૦ વર્ષ જુના મકાનનો કબજો મુળ માલિકને સુપ્રત કરી માનવતાની પ્રતીતિ કરાવી

### છેલ્લા ૫૦ વર્ષ થી મકાનમાં ભાડે રહેતા હતા : પાલિકામાં મકાન વેરો ચુકતે કરી છેલ્લા પાંચ વર્ષનુ ભાડુ રોકડા આપી મુળ માલિકોને ભોજન જમાડી ચાવી પરત આપી





પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગણેશ સ્ટ્રીટ મા રહેતા એક ગૃહસ્થ છેલ્લા પચાસ વર્ષ થી ભાડાના મકાન મા રહેતા હતા તેમણે તેમનુ ભાડાનુ મકાન મૂળ માલિક ને સુપ્રત કરીને ઈમાનદારી દાખવી હતી.

પ્રાંતિજ બજાર વિસ્તારમાં આવેલ ગણપતિ મંદિર પાસેની ખડકીમા આ મંદિર ના એટલેકે સંસ્થા ના કેટલાક મકાનો બનાવી ને જરૂરીયાત મંદ લોકોને આજ થી ૫૦ વર્ષ પૂર્વે ભાડે થી રહેવામાટે આવ્યા હતા જે પૈકી ના એક મકાન મા રહેતા મહેશભાઈ અને દિલીપભાઈ લાલવાણી તેમના પરિવાર સાથે રહેતા હતા અને તેમના દાદા દિલીપભાઈ એ આ મકાન ગણપતિ મંદિર ના ટ્રસ્ટીઓ પાસેથી ૪૫ રૂપિયા માસિક ભાડાથી લીધુ હતુ ત્યારબાદ દિલીપભાઈ ના દાદા તેમજ તેમના પિતાના અવસાન બાદ તે બન્ને ભાઈઓ તેમની માતા ઈશ્વરી બેન સાથે રહેતા હતા પરંતુ સમય જતા આ લાલવણી પરિવાર નુ નસીબ નુ પાંદડુ ફર્યુ અને આજે તેઓ રેડીમેડ ના બે શો રૂમ ના માલિક બન્યા છે અને પોતાના માલિકી ના બે મકાનો પણ ખરીધ્યા છે જેથી આ બન્ને ભાઈઓએ તેમની માતાની પ્રેરણાથી તેમનુ ભાડા નુ મકાન મુળ માલિકો ને પરમ સોંપી દઈને માનવતાનું ઉદાહરણ દાખવ્યુ છે પચાસ વર્ષ ના કબજા ભોગવરણું મકાન આજના જમાના મા કોઈ પણ વ્યકિત પાધડી લીધા સિવાય ખાલી કરતા નથી તેમ છતાં સિંધી સમાજ ના આ પરિવાર ના આ બન્ને ભાઈઓએ મંદિર ના ટ્રસ્ટીઓ કે જેવો હાલમા મુંબઈ રહે છે તેમને આમંત્રિત કરી ને ભોજન જમાડી મકાનની ચાવી પરત આપી હતી એટલું જ નહી પણ તે મકાન નો પાલિકા નો વેરો ભરીને ચુકતે હિસાબ કરીને છેલ્લા પાંચ વર્ષ નુ ભાડુ બાકી હતુ તે પણ રોકડા ચુકવીને મૂળ માલીકો ને પરત આપ્યુ હતુ ત્યારે મંદિરના ટ્રસ્ટીઓએ તેમનો આભાર માનીને સરાહના કરી હતી તો આજના યુગમા આવા દાખલા જવલ્લે જ જોવા મળે છે.

# ડીસાના જર્જરીત રસ્તાઓ ઉપર માત્ર થાગડ થિંગડ કરાતા રોષ....



ડીસા, તા. ૨૧

બનાસકાંઠા જિલ્લાના વેપારી અને તાલુકા મથક ડીસા શહેરમા ગત ચોમાસામાં રસ્તાઓ ઉબડ ખાબડ અને જર્જરિત બની ગયા છે. જેથી વાહન ચાલકો સાથે રાહદારીઓ ભારે પરેશાની વેઠી રહ્યાં છે. તૂટેલા રસ્તાઓને લઈ ટ્રાફિક જામ થવા સાથે ઘણી વખત માર્ગ અકસ્માતો પણ સર્જાય છે. તેથી રસ્તાઓનું નવીનીકરણ કરવાની ઉગ્ર રજૂઆતોના પગલે સફાળા જાગેલા તંત્ર દ્વારા રેલવે સ્ટેશન રોડ સહિતના રોડ ઉપર માત્ર રસ્તાઓની થાગડ થિગડ મારવાનું કામ હાલમા નગરપાલિકા દ્વારા કરવામા આવી રહ્યું છે.પરંતુ કમોસમી વરસાદ થતાં રસ્તાઓ ઉપર પાણી ભરાઈ ગયું છે. હાલમા પડી રહેલ વરસાદથી જે ખાડાઓ પુરવામા આવ્યા છે.તે પુરેલ ખાડાઓમા વરસાદિ પાણી ભરાઈ ગયેલ છે. તેથી ઉલટાનું સમસ્યા યથાવત રહેવા પામી છે.જેથી વાહન ચાલકોએ જર્જરિત રસ્તાઓ ઉપર થાગડ થિંગડ નહિ પણ રસ્તાઓનું નવીનીકરણ કરવાની માંગ કરી છે.

# પ્રાંતિજ ખાતે રહેતા સમસ્ત બ્રહ્મ સમાજના ભાઈઓનું સ્નેહ-સંમેલન યોજાયું

### તેજસ્વી તારલાઓનુ સન્માન તથા વિશિષ્ટ વ્યક્તિઓનુ સન્માન કરવામા આવ્યુ

પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા સમસ્ત બ્રહ્મ સમાજના ભાઈ- બહેનોનુ સ્નેહ સંમેલન અને સામાન્ય સભા યોજાઈ હતી જેમા સમાજ ના તેજસ્વી તારલાઓનુ તથા વિશિષ્ટ વ્યક્તિ ઓનુ સન્માન કરવામા આવ્યુ હતુ.



પ્રાંતિજ ત્રિવેદી મેવાડા વાડી ખાતે પ્રાંતિજ ખાતે રહેતા સમસ્ત બ્રહ્મસમાજનો સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયો હતો જેમા બ્રહ્મસમાજ ના તેજસ્વી તારલાઓનુ ઈનામ આપી સન્માન કરવામા આવ્યુ હતુ તો આ વર્ષેઈનામના દાતા તરીકે મનોજભાઈ જેઠાલાલ ત્રિવેદી પરિવાર દ્વારા બાળકોને ઈનામ આપવામા આવ્યા હતા તો સમાજના વિશિષ્ટ વ્યક્તિ ઓનુ પણ સન્માન કરવામા આવ્યુ હતુ તો બ્રહ્મ સમાજ ના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને બાદમા સામાન્ય સભા યોજાઈ હતી તો આ પ્રસંગે સમસ્ત બ્રહ્મ સમાજ ના પ્રમુખ હર્ષદભાઈ રાવલ (લાંબા), ઉપપ્રમુખ રાકેશભાઈ જોષી , ઉપપ્રમુખ સુનિલભાઈ પંડયા , મહામંત્રી પ્રયાગભાઈ ત્રિવેદી , મંત્રી પ્રકાશભાઈ જોષી સહમંત્રી અરવિંદભાઈ રાવલ ,કોષાધ્યક્ષ જીજ્ઞેશભાઈ જોષી , યોગેશભાઈ રાવલ,મધુભાઈ રાવલ, શુભુભાઈ રાવલ , સુરેશભાઈ રાવલ ગોર સાહેબ સહિત કારોબારી સભ્યો સમસ્ત બ્રહ્મસમાજ ના વડીલો આગેવાનો ભાઈ બહેનો મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા અને એકબીજા ને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી.



# પાલનપુર સોનબાગ વિસ્તારમાં ઘટના નથી બસના ટાયર જમીનમાં ખૂંપી જતાં ટ્રાફિક જામ

પાલનપુર તા.૨૧

છેલ્લા બે દિવસથી અરબી સમુદ્રમાં સર્જાયેલા હવાના દબાણના કારણે ગુજરાતની અંદર ઠેર ઠેર કમોસમી માવઠાથી અપર સાયક્લોનિક ના કારણે થયેલા વરસાદથી લોકોની અને ખેડૂતોની હાલત ભારે કફોડી બની છે. બનાસકાંઠા જિલ્લાના પાટનગર પાલનપુર શહેરના સોનબાગ વિસ્તારમાં અને અન્ય વિસ્તારોમાં ભૂગર્ભ ગટર લાઈન નાખવાનું કામ ચાલી રહ્યું છે ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા આડેધડ કરતા કામને લઈ શહેરીજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. શહેરના મોટાભાગના વિસ્તારોમાં જાહેર માર્ગો અને આંતરિક માર્ગો ખોદાણ કરી ભૂગર્ભ ગટરની પાઈપ ઉતારી પછી તેનું પૂરણ કામ યોગ્ય રીતે ના કરવામાં આવતા કમોસમી



માવઠાથી થયેલા વરસાદના કારણે જમીન મા પોલાણ બની જતા ઠેર ઠેર ભૂવા પડ્યા હતા. જેમાં શહેરના અનેક વિસ્તારો જાહેરમાર્ગો બ્રિજેશ્વર કોલોની ભાગ્યોદય સોસાયટી ગણેશપુરા આંબાવાડી દિલ્હીગેટ સંજય ચોક સિટીલાઈટ રોડ સોનબાગ વિસ્તાર ગણેશપુરા રોડ સહિત જાહેર માર્ગોની હાલત ભારે કફોડી બની હતી.

જ્યારે સોનબાગ વિસ્તાર પાલનપુરથી અંબાજી તરફ જતી બસના પાછળના ભાગના કા યરો ટાયરોભૂવામા ખૂંપીગયા હતા .જેને લઈને ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. એસ.ટી.ના અધિકારીઓ કર્મચારીઓએ બસને ભારે જહેમતથી્ બહાર કાઢી હતી. જ્યારે બ્રિજેશ્વર કોલોની ના માર્ગ ઉપર નું પાછળનું ટાયર પણ જમીનમાં ખૂંપી ગયું હતું.

# પ્રાંતિજના રામપુરા ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન-સારવાર કેમ્પ યોજાયો

પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રામપુરા ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વર્ષ નો છઠ્ઠો વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો જેમાં રામપુરા ગામ સહિત આજુબાજુમાં રહેતાં દર્દીઓએ લાભ લીધો હતો.

પ્રાંતિજ તાલુકાના રામપુરા ખાતે આવેલ સંસ્કાર ભારતી વિધાલય ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત વર્ષ નો છઠ્ઠો વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો જેમાં રામપુરા ગામ સહિત આજુ બાજુમાં રહેતાં ગોમામાથી કુલ -



૬૦૫ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૩૧૯ વ્યક્તિઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું જયારે ૬૪ દર્દીઓને ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધી ની સગવડ પણ પુરી પાડવામાં આવશે તો સમગ્ર કેમ્પ નું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર કરવામાં આવ્યું હતું તો કેમ્પ ને સફળબનાવવા માટે હોસ્પિટલ ના સ્ટાફ દ્વારા સહિયોગ પુરો પાડવામાં આવ્યો હતો તો શાળા ના આચાર્ય તથા આંખના મદદનીશ ટીમ તથા સંસ્થાના સ્ટાફ દ્વારા નોંધનીય કામગીરી કરવામાં આવી હતી